સચિવ

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૦-૨૧/ ૨૫૫-૩૫૪
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ: ૦૨/૦૧/૨૦૨૧

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ

**વિષય: તાલુકા અને જિલ્લાકક્ષાના રમકડા મેળા - Toy Fair બાબત**

**સંદર્ભ: એન.સી.ઇ.આરટી., દિલ્હીના પત્ર ક્રમાંક: F.No.9-2/2020NTF તા. 10-12-2020**

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે બાળકોને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શિક્ષણશાસ્ત્રમાં સામેલ કરીને સક્રિય અને આનંદકારક શિક્ષણપ્રદાન કરવાના લક્ષ્ય સાથે અને દેશી રમકડા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા, શિક્ષણ મંત્રાલય સહિતના અન્ય મંત્રાલયોના સહયોગથી કાપડ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય રમકડાં મેળાનું આયોજન થયેલ છે.

જે અંતર્ગત તાલુકા અને જિલ્લાકક્ષાના રમકડાં મેળાનું આયોજન કરવાનું થાય છે. આ આયોજન ડાયેટકક્ષાએ ડબલ્યુ ઇ. શાખા દ્વારા હાથ ધરવાનું રહેશે.

- તાલુકા અને જિલ્લા કક્ષાનો રમકડા મેળો તા.૩૧/૦૧/૨૦૨૧ સુધીમાં
- ફેબ્રુઆરીના બીજા સપ્તાહ સુધીમાં રાજ્ય કક્ષાના Toy Fair નું વર્ચ્યુઅલ મોડથી યોજવામાં આવશે. જેમાં સહભાગીઓ વર્ચુઅલ મોડથી ડીજીટલી જોડાય તે અપેક્ષિત છે.
- તાલુકા અને જિલ્લાકક્ષાએ આયોજન નીચે મુજબ કરવાનું રહેશે.
  - <u>તાલુકા કક્ષાએ</u> તાલુકાની તમામ શાળાઓમાંથી (તમામ પ્રકારના સંચાલન સહિત) તમામ પાંચ વિભાગોમાં વર્ચુઅલ પ્રદર્શન દ્વારા ભાગ લેવાનો રહેશે. જે માટે દરેક વિભાગોનો એક સ્ટોલ એમ પાંચ સ્ટોલ તૈયાર કરવાના રહેશે. પાંચેય વિભાગોમાંથી શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરી જિલ્લાકક્ષાના વર્ચુઅલ પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે.
  - <u>જિલ્લા કક્ષાએ</u> જિલ્લાના તમામ તાલુકાઓમાંથી તમામ પાંચ વિભાગોમાં વર્ચુઅલ પ્રદર્શન દ્વારા ભાગ લેવાનો રહેશે. જે માટે દરેક વિભાગોનો એક સ્ટોલ એમ પાંચ સ્ટોલ તૈયાર કરવાના રહેશે. પાંચેય વિભાગોમાંથી શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરી રાજ્યકક્ષાના વર્ચુઅલ પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે. જે માટે દરેક સહભાગીઓને કૃતિદીઠ રૂા. ૨૦૦૦/ (બે હજાર પુરા) લેખે કૃતિના સંવર્ધન માટે ફાળવવાના રહેશે.
- <u>રાજ્ય કક્ષાએ</u> રાજ્યના તમામ જિલ્લાઓમાંથી તમામ પાંચ વિભાગોમાં વર્ચુઅલ પ્રદર્શન દ્વારા ભાગ લેવાનો રહેશે. જે માટે દરેક વિભાગોનો એક સ્ટોલ એમ પાંચ સ્ટોલ તૈયાર કરવામાં આવશે.
- દરેક વિભાગની શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરવા માટે નીચેના માપદંડને ધ્યાને લેવાના રહેશે. આ માપદંડોમાંથી મહત્તમ માપદંડ પૂર્ણ થાય તે રીતે કૃતિ પસંદ કરવાની રહેશે.
  1. પસંદ કરેલ કૃતિ ઊંચુ શૈક્ષણિક મૂલ્ય ધરાવતી હોય
  2. પસંદ કરેલ કૃતિ ટકાઉ અને મજબૂત સલામત અને મૂલ્ય પરિપેક્ષ્યમાં અસરકારક હોય



જા.નં. ઓ-૨/ ૮૧૩
તા. ૬/૧/૨૦૨૧

પ્રતિ,
[illegible]

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

3. પસંદ કરેલ કૃતિ ઇકો ફ્રેન્ડલી હોય
4. પસંદ કરેલ કૃતિ વપરાશની દૃષ્ટિએ સરળ હોય
5. પસંદ કરેલ કૃતિ વધુ ખર્ચાળ ન હોય
6. પસંદ કરેલ કૃતિ બાળકોની વયકક્ષાને અનુરૂપ હોય
7. પસંદ કરેલ કૃતિમાં બાળકો જાતે તૈયાર કરી શકે અને પ્રક્રિયા સમજી શકે તેવી તક હોય
8. પસંદ કરેલ કૃતિ બાળકો માટે આનંદદાયી હોય
9. પસંદ કરેલ કૃતિ બાળકની કલ્પનાશક્તિ અને વિવેચનાત્મક કૌશલ્યને ખીલવવા અને વધારવા માટે સ્વતંત્ર રીતે મદદરૂપ હોય.
10. પસંદ કરેલ કૃતિના ઉપયોગ અંગેની ભાષા તમામ સહભાગીઓ / વપરાશકર્તા માટે સરળ અને મૈત્રીપૂર્ણ હોય.

- **દરેક કક્ષાએ જુદી જુદી પસંદગી સમિતિ દ્વારા કૃતિઓની પસંદગી હાથ ધરવાની રહેશે. જુદી જુદી કક્ષાની પસંદગી સમિતિના સભ્યોની વિગતો નીચે મુજબ રહેશે.**

1. તાલુકાકક્ષાની પસંદગી સમિતિના સભ્યો

| ક્રમ | સભ્યનું નામ અને હોદ્દો |
|---|---|
| 1. | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (અધ્યક્ષ) |
| 2. | બી.આર.સી. કો.ઓર્ડિનેટર (સભ્ય સચિવ) |
| 3. | તાલુકા લાયઝન ઓફિસર (ડાયેટ) |
| 4. | સી.આર.સી. કો.ઓર્ડિનેટર (કોઇપણ એક) |
| 5. | તાલુકાના પ્રવર્તમાન દેશી રમકડાં / રમતોના તજજ્ઞ કે જાણકાર |
| 6. | તાલુકાના ઓનલાઇન રમકડાં - મોબાઇલ/ વેબ એપ્લિકેશન્સ, ડિજિટલ રમકડાના તજજ્ઞ કે જાણકાર |
| 7. | તાલુકાના ભૌતિક રમકડાના તજજ્ઞ કે જાણકાર |
| 8. | તાલુકાના ક્રિયાશીલ / ગતિશીલ રમકડાં / યાંત્રિક રમકડાના તજજ્ઞ કે જાણકાર |
| 9. | તાલુકાના શૈક્ષણિક કિટ્સ નિર્માણના તજજ્ઞ કે જાણકાર |

2. જિલ્લાકક્ષાની પસંદગી સમિતિના સભ્યો

| ક્રમ | સભ્યનું નામ અને હોદ્દો |
|---|---|
| 1. | પ્રાચાર્યશ્રી (અધ્યક્ષ) |
| 2. | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી |
| 3. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી |
| 4. | ડબલ્યુ ઇ. શાખાના સિનિયર લેકચરરશ્રી/જુનિયર લેકચરરશ્રી (સભ્ય સચિવ) |
| 5. | જિલ્લાના પ્રવર્તમાન દેશી રમકડાં / રમતોના તજજ્ઞ કે જાણકાર |
| 6. | જિલ્લાના ઓનલાઇન રમકડાં - મોબાઇલ/ વેબ એપ્લિકેશન્સ, ડિજિટલ રમકડાના તજજ્ઞ કે જાણકાર |
| 7. | જિલ્લાના ભૌતિક રમકડાના તજજ્ઞ કે જાણકાર |
| 8. | જિલ્લાના ક્રિયાશીલ / ગતિશીલ રમકડાં / યાંત્રિક રમકડાના તજજ્ઞ કે જાણકાર |
| 9. | જિલ્લાના શૈક્ષણિક કિટ્સ નિર્માણના તજજ્ઞ કે જાણકાર |

- **લક્ષ્યજૂથ અને રમકડા મેળાના વિભાગો:**

રમકડા મેળામાં પાયાના તબક્કા (પૂર્વશાળા, બાલવટિકા અને ધોરણ : 1 અને 2), પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના સરકારી (કે.જી.બી.વી., આશ્રમ શાળા, મોડેલ સ્કૂલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને ટ્રાયબલ ડિપાર્ટમેન્ટ સહિત) / ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓના શિક્ષકો / વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. જેના વિભાગો નીચે મુજબ રહેશે.

1. પાયાના તબક્કા (પૂર્વશાળા, બાલવટિકા અને ધોરણ : 1 અને 2) વિભાગ
2. પ્રાથમિક વિભાગ
3. ઉચ્ચતર પ્રાથમિક વિભાગ
4. માધ્યમિક વિભાગ
5. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

દરેક વિભાગમાં નીચેના વિષયો આધારીત શૈક્ષણિક રમકડાં / રમતોનો સમાવેશ કરવાનો રહેશે.

- **શૈક્ષણિક રમકડાંના વિષયો:**

1. ભારતીય સંસ્કૃતિ, પૌરાણિક કથા અને ઇતિહાસ, ભારત અને પ્રજાતંત્ર અંગેનું જ્ઞાન
2. અધ્યયન, શિક્ષણ અને શાળા શિક્ષણ, જેમાં સમાવેશ થાય છે :
   a. સામાજિક અને માનવીય મૂલ્યો
   b. વ્યવસાયો અને વિશિષ્ટ ક્ષેત્રો
   c. પર્યાવરણ
   d. દિવ્યાંગ બાળકો માટેના શૈક્ષણિક રમકડાં / સમાવેશી રમકડાં
   e. તંદુરસ્તી અને રમતો માટેના રમકડાં
3. તાર્કિક ચિંતન સાથે ગમ્મત અને સર્જનાત્મક
4. પરંપરાગત ભારતીય રમકડાંને પુનઃસ્વરૂપ આપેલ હોય.

- **શૈક્ષણિક રમકડાંની કેટેગરી:**

1. પ્રવર્તમાન દેશી રમકડાં / રમતો
2. ઓનલાઇન રમકડાં - મોબાઇલ / વેબ એપ્લિકેશન્સ, ડિજિટલ રમકડા
3. ભૌતિક રમકડા : ઇલેક્ટ્રોનિક આધારિત, બોર્ડ ગેમ્સ / પત્તાની રમતો, કોયડા / બોર્ડ / ડિજિટલ ભૂલભૂલામણી ક્રાફ્ટ / મટિરીયલ આધારિત / સ્થિર રમકડાં (કઠપૂતળી અને માટીમાંથી નિર્મિત વસ્તુઓ)
4. ક્રિયાશીલ / ગતિશીલ રમકડાં (યાંત્રિક રમકડાનો સમાવેશ થાય છે)
5. વિવિધ વયકક્ષા અને તબક્કાઓ માટે શૈક્ષણિક કિટ્સ (વપરાશકર્તાઓ માટેની માર્ગદર્શિકા સાથે)
6. તમારી જાતે કરી જુઓ. (જે બાળકો વર્ગખંડમાં બનાવી શકે છે)

- તાલુકા અને જિલ્લા રાજય કક્ષાએ વર્ચુઅલ પ્રદર્શનમાં શ્રેષ્ઠકૃતિ પસંદ થાય તેને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ વર્ચુઅલ પ્રદર્શનમાં ભાગ લેનાર સહભાગીઓએ શિક્ષા મંત્રાલય, એન.સી.ઇ.આર.ટી. દ્વારા આપવામાં આવેલ રમકડા મેળાની રમકડાની કેટેગરી અને વિભાગોને અનુસાર

જીસીઇઆરટી દ્વારા તા. ૨૯-૧૨-૨૦૨૦ના પત્રથી મોકલી આપેલ માર્ગદર્શિકામાં આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

- દરેક ડાયેટને તેમના જિલ્લામાં રમકડા/રમતોના ક્ષેત્રેમાં કાર્યરત સ્થાનિક સંસ્થાઓને તેમજ જિલ્લાકક્ષાએ કાર્યરત હસ્તકલા નિગમ અને શ્રમ અને રોજગાર સંસ્થાને જોડાવવા માટે નિયત નમૂનામાં અરજી કરવા માટે જાણ કરવાની સૂચના આપવાની રહેશે. અરજીપત્રનો નિયત નમૂના આ પત્ર સાથે મોકલી આપવામાં આવશે.
- દક્ષિણામૂર્તિ,ભાવનગરને ડાયેટ ભાવનગર દ્વારા, ચેતના બાલવાડીને ડાયેટ, વડોદરા દ્વારા જાણ કરવાની અને નિયત નમુનો મોકલવાનો રહેશે.
- તાલુકા અને જિલ્લાકક્ષાએ રમકડા મેળાનો ખર્ચ જેમાં, તજજ્ઞોને નિયતદરે માનદવેતન/બેઠકભથ્થું, રિફ્રેશમેન્ટ ખર્ચ, ટી.એ./ડી.એ. ખર્ચ, પ્રમાણપત્ર/સ્ટેશનરીનો ખર્ચ જીસીઇઆરટીના તા. ૨૪/૦૩/૨૦૧૭ના પરિપત્રમાં આપેલ જોગવાઇઓને ધ્યાને લઇને કરવાનો રહેશે.

ઉકત આયોજન અન્વયે તાલુકા તથા જિલ્લા કક્ષાના રમકડાં મેળાનું આયોજન અંગેનો ખર્ચ ઇ.ડી.એન.-૧૨ એપેન્ડીક્ષ- ૧ સદરે કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

બિડાણઃ

1. ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયાના તા. ૨૯/૧૨/૨૦નો પત્ર
2. ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયાના તા. ૧૪/૧૧/૨૦નો પત્ર
3. 1st National Toy Fair – 2021ની સહભાગીઓ માટેની માર્ગદર્શિકા
4. જિલ્લાકક્ષાની સ્થાનિક સંસ્થાઓને સહભાગી થવા અંગેનું રજીસ્ટ્રેન ફોર્મનો નમૂનો

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

નકલ જાણ અને અમલ સારું રવાનાઃ (ડાયેટ મારફત)

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ
- બી.આર.સી. કો.ઓર્ડિનેટર, તમામ
- સી.આર.સી.કો.ઓર્ડિનેટર, તમામ